પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

RNI NO:- 67073/97
વર્ષ:૨૪, અંક:૧૦૬, કુલ પાના:૪, તારીખ: ૨૬-૧૨-૨૦૨૦ શનિવાર, કિંમત રૂા.૧.૫૦/-, VOLUME/YEAR : 24, ISSUE : 106 PRICE :-RS. 1.50 DATE : 26-12-2020
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
Whatsapp No.9712880678
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

# ફાઈઝરની વેક્સિને વધારી ચિંતા, એલર્જીની સમસ્યા અપેક્ષા કરતાં વધુ

વૉશિંગ્ટન,

કોરોના વાયરસ સામેની લડતમાં વેક્સિનને અસરકારક હથિયાર તરીકે જોવામાં આવી રહ્યું છે, ત્યારે ફાઈઝરની વેક્સિન અંગે સામે આવેલા સમાચાર ચિંતામાં મૂકી શકે છે. ફાઈઝરની વેક્સિન લેનાર લોકોને એલર્જીની સમસ્યા નિર્ધારણા કરતાં વધુ જોવા મળી રહી છે. આ વાત અમેરિકામાં કોરોના વેક્સિન પહોંચાડવાના અભિયાનના ચીફ સાઈન્ટિફિક એડવાઈઝર ડોક્ટર મોન્સેફે કરી છે.



ડોક્ટર મોન્સેફે જણાવ્યું હતું કે, ફાઈઝર-બાયોટેકની કોરોના વેક્સિનથી લોકોમાં એલર્જીની સમસ્યા વધુ જોવા મળી રહી છે. આ વેક્સિનથી કુલ ૮ લોકોમાં એલર્જીની સમસ્યા સામે આવી છે. જેમાંથી છ અમેરિકાના છે અને બે યુકેના. આ વાત સામે આવ્યાના એક દિવસ પહેલાં જ અમેરિકાએ ફાઈઝર સાથે કોરોના વેક્સિનની ૧૦ કરોડની ડીલ કરી છે. તેમણે જણાવ્યું હતું કે, નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ હેલ્થ વેક્સિન નિર્માતાઓ સાથે ચર્ચા કરી રહી હતી કે તેઓ મહત્તમ એલર્જિક લોકોમાં ટ્રાયલ કરવાનું વિચારે, ખાસ કરીને એપિ પેન એન્ટી એલર્જિક દવા લેનાર લોકોને.

યુકેમાં મેડિસીન એન્ડ હેલ્થકેર પ્રોડક્ટ્સ રેગ્યુલેટરી એજન્સીએ અગાઉ એડવાઈઝરી જાહેર કરીને લોકોને કહ્યું હતું કે, જે લોકોને વધારે એલર્જીની સમસ્યા હોય તેઓ ફાઈઝર બાયોટેક વેક્સિન ન લે. અમેરિકાની એફડીએએ પણ એડવાઈઝરી જાહેર કરી છે.

ઉલ્લેખનીય છે કે, વેક્સીન એડવાઈઝરી ગ્રુપે નિર્ણય કર્યો છે કે, ફાઈઝરની વેક્સીન ૧૬ વર્ષ અને તેનાથી વધુ ઉંમરના લોકોને જ આપવી. ફાઈઝરે દાવો કર્યો હતો કે, તેમની વેક્સીન ૯૫ ટકા કરતાં વધારે પ્રભાવી છે.

# પહેલાની સરકારોની નીતિઓને કારણે નાનો ખેડૂત બર્બાદ થયો: મોદી

ન્યુ દિલ્હી,

નવા કૃષિ કાનુનના વિરોધમાં દિલ્હીની સીમાઓ પર એક મહિના જેટલા સમયગાળાથી ખેડુતોનું પ્રદર્શન ચાલી રહ્યું છે અને આ વચ્ચે વડાપ્રધાન મોદીએ કિસાન સમ્માન નિધિ યોજનાનો આગળનો હપ્તો જાહેર કર્યો. દેશના ૯ કરોડથી વધારે ખેડુત લાભાર્થીઓના ખાતામાં ૧૮ હજાર કરોડ રૂપિયા ટ્રાંસફર થયાં. આ



કાર્યક્રમ દરમિયાન વડાપ્રધાન મોદીએ ૬ રાજ્યોના ખેડુતો સાથે વીડિયો કોન્ફરન્સીંગના માધ્યમથી વાતચીત પણ કરી.

વડાપ્રધાને પોતાના સંબોધનમાં કહ્યું કે, ખેડુતોના જીવનમાં ખુશી, આપણાં સૌના જીવનમાં ખુશી વધારી દે છે. આજનો દિવસ તો ખુબ પાવન છે. ખેડુતોને આજે જે સમ્માન નિધિ મળી છે તે સાથે જ આજનો દિવસ અનેક અવસરોનો સંગમ બનીને આવ્યો છે. એક ખેડુત સાથે સંવાદ કરતા તેમણે કહ્યું કે, કેટલાંક લોકો એવો ભ્રમ ફેલાવે છે કે તમારો પાકનો કોઈ કોન્ટ્રેક્ટ કરશે તો જમીન પણ ચાલી જશે. આટલું ખોટું બોલી રહ્યાં છે.

વડાપ્રધાન મોદીએ વધુમાં કહ્યું કે, મને આજે એ વાતનો અફસોસ છે કે પશ્ચિમ બંગાળના ૭૦ લાખથી વધારે ખેડુતોને તેનો લાભ મળી શક્યો નથી. બંગાળના ૨૩ લાખથી વધારે ખેડુતો આ યોજનાનો લાભ લેવા માટે ઓનલાઈન અરજી કરી ચુક્યાં છે પરંતુ રાજ્ય સરકારે વેરિફિકેશનની પ્રક્રિયાને આટલા લાંબા સમયથી રોકી રાખી છે.

કેટલાક લોકો ચર્ચામાં આવવા માટે ઈવેન્ટ કરી રહ્યા છે ને બંગાળની સ્થિતિ પર ચૂપ છે. તેઓ દિલ્હીમાં અર્થનીતિ રોકવામાં લાગેલા છે. જેઓએ દિલ્હીમાં ઘેરી દીધું છે. તેમને કેરળ નથી દેખાતું. કેરળમાં પણ APMC,માર્કેટ નથી, ત્યાં તેઓ આંદોલન નથી કરતા. તથ્ય વગર જ રાજનીતિ કરીને લોકોને ગેરમાર્ગે દોરી રહ્યા છે.

(અનુ.પાના.નં.૨)

# UKથી આવેલી મહિલાનો કોરોના રિપોર્ટ પોઝિટિવ, નવી ગાઈડલાઈન જાહેર

અમદાવાદ,

યુકેમાં કોરોના સંક્રમણનો નવો ઘાતક સ્ટ્રેન જોવા મળ્યો છે. એવામાં, યુ.કે.થી આવેલી પારડીની ૬૯ વર્ષીય મહિલાનો કોરોનાનો રિપોર્ટ આજરોજ પોઝિટીવ આવતા જ, જિલ્લા આરોગ્ય તંત્રએ વિદેશથી આવતા મુસાફરો માટે નવી માર્ગદર્શિકા જારી કરી છે. જે મુજબ, તા.૨૧થી ૨૩ ડિસેમ્બર-૨૦ દરમ્યાન આવેલા મુસાફરો કે જેઓનો એરપોર્ટ પર આર.ટી.પી.સી.આર. ટેસ્ટ નેગેટીવ આવ્યો હોય તેમણે ઘરે ક્વોરેન્ટાઈન રહેવુ પડશે અને




આઈ.સી.એમ.આર.ની ગાઈડલાઈન મુજબ ટેસ્ટ કરાવવાનો રહેશે. આરોગ્યકર્મી દ્વારા તેઓનું દિવસમાં બે વાર મોનીટરીંગ કરાશે. જો એ મુસાફર કોરોના પોઝિટીવ આવશે તો સરકારની ગાઈડલાઈન મુજબ આગળની કાર્યવાહી કરાશે.

જે મુસાફર તા. ૨૫ નવેમ્બરથી તા.૮ ડિસેમ્બર દરમ્યાન યુ.કે.થી આવ્યા હોય તેમણે પોતાના સ્વાસ્થ્યનું સેલ્ફ મોનીટરીંગ કરવાનું રહેશે. જે પૈકી કોઈને લક્ષણો દેખાય તો આર.ટી.પી.સી.આર. ટેસ્ટ કરાવવાનો રહેશે. જે તેમાં પોઝિટીવ આવશે તો જીનેટિક સિકવન્સિંગ કરવામાં આવશે. જે મુસાફરો તા. ૯ ડિસેમ્બરથી તા. ૨૩ ડિસેમ્બર દરમ્યાન આવેલ હોય તેમનું મોનીટરીંગ આરોગ્યકર્મી દ્વારા દિવસમાં ૨ વાર ક્વોરેન્ટાઈન પૂર્ણ થાય ત્યાં સુધી કરવાનું રહેશે.

મુસાફરે તેમનું પોતાનું સેલ્ફ મોનીટરીંગ કોવિડ-૧૯ના લક્ષણો જેવા કે, તાવ, કફ, શ્વાસ લેવામાં તકલીફ માટે યુ.કે.થી આવ્યાના ૨૮ દિવસ સુધી કરવાનું રહેશે. જો લક્ષણો દેખાય તો તાત્કાલિક મ્હોં પર માસ્ક લગાવવું અને પોતે ઘરમાં આઉસોલેટ થઈ જવુ તેમજ નજીકના આરોગ્ય કેન્દ્રને જાણ કરવાની રહેશે. યુ.કે.થી આવેલ અને પોઝિટીવ હોય તેવા દર્દીના સંપર્કમાં આવેલા તમામ લોકોને સંસ્થાકીય ક્વોરેન્ટાઈન કર્યા બાદ સંપર્કમાં આવ્યાના પથી ૧૦ દિવસ દરમ્યાન આર.ટી.પી.સી.આર. ટેસ્ટ કરાવવાનો રહેશે તેમ સી.ડી.એચ.ઓ., વલસાડ દ્વારા જણાવાયુ છે.

# ત્રીજા ત્રિમાસિકમાં GDP પોઝિટિવ આવી શકે છે ભારતીય અર્થવ્યવસ્થા: RBI રિપોર્ટ

મુંબઈ,

રિઝર્વ બેંક ઓફ ઇંડિયાએ ફરી એક વખત જણાવ્યું છે કે ભારતીય અર્થવ્યવસ્થામાં તેજીમાં સુધારાના સંકેત જોવા મળી રહ્યાં છે. આરબીઆઈના એક રિપોર્ટમાં જણાવામાં આવ્યું છે કે ત્રીજા ત્રિમાસીકમાં જીડીપી પોઝિટિવમાં આવી શકે છે.

આરબીઆઈના સમાચારમાં 'અર્થવ્યવસ્થાની સ્થિતિ'ના ટાઈટલ હેઠળ એક રિપોર્ટમાં જણાવામાં આવ્યું છે કે સપ્ટેમ્બર-ડિસેમ્બર ત્રિમાસિકમાં જીડીપી ગ્રોથ રેટ સકારાત્મક રહેવાનું અનુમાન છે. કારણ કે




ભારતીય અર્થવ્યવસ્થા કોવિડ-૧૯ની સામે ઝડપથી બહાર આવી રહી છે.

કોરોના સંકટના કારણે હાલના નાણાંકીય વર્ષના પહેલા ત્રિમાસિકમાં જીડીપીમાં ૨૩.૯ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. જ્યારે બીજા ત્રમાસિકમાં જીડીપી ગ્રોથ -૭.૫ ટકા નોંધાયો હતો.

પરંતુ હવે આરબીઆઈનું અનુમાન છે કે ત્રીજા ત્રિમાસિકમાં જીડીપી પોઝિટિવ જોવા મળી શકે છે.

કેટલાક રિપોર્ટને ધ્યાનમાં લઈને આરબીઆઈનું કહેવું છે કે ત્રીજા ત્રિમાસિકમાં આ જીડીપીની વાસ્તિવક ગ્રોથ પોઝિટિવના ક્ષેત્રમાં આવી જતા ૦.૧ ટકા રહી શકે છે. આ સિવાય આરબીઆઈના આ

(અનુ.પાના.નં.૨)

# દેશમાં કોરોનાથી કુલ રિકવરી આંક ૯૭ લાખને પાર, નવા ૨૩,૦૬૭ કેસ નોંધાયા

ન્યુ દિલ્હી,

ભારતમાં કોરોનાથી રિકવરીમાં પણ વધારો નોંધાઈ રહ્યો છે. દેશમાં અત્યાર સુધીમાં કોરોનાથી સ્વસ્થ થયેલા દર્દીઓની સંખ્યા ૯૭,૧૭,૮૩૪ થઈ છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના મતે વિતેલા ૨૪ કલાકમાં દેશાં નવા ૨૩,૦૬૭ પોઝિટિવ કેસ નોંધાતા કુલ કેસ લોડ વધીને ૧,૦૧,૪૬,૮૪૫ થયો છે. દરમિયાન વધુ ૩૩૬ દર્દીએ કોરોનાને પગલે અંતિમ શ્વાસ લીધા હતા.

દેશમાં સતત ચોથા દિવસે કોરોનાના સક્રિય કેસો ત્રણ લાખ કરતા ઓછા નોંધાયા હતા. હાલમાં દેશમાં કોરોનાના ૨,૮૧,૯૧૯ સક્રિય કેસો છે જે કુલ કેસ લોડના ૨.૭૮ ટકા છે. કોરોનાથી સ્વસ્થ થયેલા દર્દીઓનો આંક ૯૭ લાખને પાર જતા રિકવરી રેટ ૯૫.૭૭ ટકા થયો છે. કોરોનાથી કુલ મૃત્યુઆંક ૧,૪૭,૦૯૨ થતાં મૃત્યુદર ૧.૪૫ ટકા નોંધાયો છે. ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચના (આઈસીએમઆર) મતે ૨૪ ડિસેમ્બરના દેશમાં ૯,૯૭,૩૯૬ કોરોના સેમ્પલનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું હતું. અત્યાર સુધીમાં કોરોનાના કુલ ૧૬,૬૩,૦૫,૭૬૨ સેમ્પલનું ટેસ્ટિંગ કરાયું છે. દેશમાં ૨૪ કલાકમાં થયેલા ૩૩૬ મોત પૈકી મહારાષ્ટ્રમાં ૮૯, દિલ્હીમાં ૩૭, પશ્ચિમ બંગાળમાં ૩૨ અને કેરળ, છત્તીસગઢ તેમજ ઉત્તર પ્રદેશમાં ૨૨-૨૨ લોકોના મોત થયા છે.

# પમી જાન્યુઆરીએ મતદાર યાદીની પ્રાથમિક યાદી પ્રસિદ્ધ કરાશે

ગાંધીનગર,

ગુજરાતમાં ફેબ્રુઆરીમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી યોજવા માટેની તડામાર તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. આ અંગે ચૂંટણીપંચે પણ તૈયારીઓ શરૂ કરી દીધી છે. રાજ્યમાં આવનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓને લઈને ચૂંટણી પંચે તૈયારી આરંભી દીધી છે. રાજ્યની ૩૧ જિલ્લા પંચાયત, ૨૩૧ તાલુકા પંચાયત તથા ૬ મહાનગર પાલીકા અને ૫૧ નગરપાલિકાની આવનારા સમયમાં ચૂંટણીઓ યોજાવા જઈ રહી છે.

ત્યારે પમી જાન્યુઆરીએ મતદાર યાદીની પ્રાથમિક યાદી પ્રસિદ્ધ કરાશે. અને આખરી મતદાર યાદી જાન્યુઆરીના અંતિમ સપ્તાહમાં પ્રસિદ્ધ કરવામાં આવશે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં સામાન્ય રીતે કોંગ્રેસ ભાજપને કાંટાની ટક્કર આપે છે અને ક્યાંક ક્યાંક તો જીતી પણ જાય છે અને જિલ્લા પંચાયત ચૂંટણીમાં તો કોંગ્રેસ મેદાન મારી જાય છે. બીજે પક્ષે આ વખતે સી આર પાટીલ ચૂંટણી જીતવા કટીબદ્દ છે જ્યારે કોંગ્રેસ હજુ કંઈ ખાસ નક્કર તૈયારીઓ દેખાતી નથી. અમદાવાદ મનપામાં ૧૭૫ બેઠકો જીતવાનો ભાજપનો લક્ષ્યાંક છે.

શહેર ભાજપના હોદ્દેદારોની ૧૭૫ બેઠકો જીતવા યોજના ઘડવામાં આવી રહી છે અને એમાંય દરિયાપુર, શાહપુર, બાપુનગર, સરસપુર, રખિયાલ બેઠકો પર ભાજપ દ્વારા વિશેષ ધ્યાન અપાશે. ૨૦૧૫માં મનપા ચૂંટણીમાં ભાજપને ૧૪૨ બેઠકો મળી હતી. ૨૦૧૦માં અમદાવાદ મનપામાં ભાજપને ૧૫૧ બેઠકો મળી હતી. સી.આર.પાટીલે સંગઠનના હોદ્દેદારોને પણ આશ્વાસન આપ્યું છે. સંગઠનના લોકો પણ ચૂંટણી લડી શકે છે.

# રાષ્ટ્રપતિ ચોક્કસ કોઈના દબાણમાં છે: ગેહલોતનો ગંભીર આરોપ

જયપુર,

એક તરફ જ્યાં કેન્દ્ર સરકાર દ્વારા લાગુ કરવામાં આવેલા નવા કૃષિ કાયદાઓનો ખેડૂતો દ્વારા છેલ્લા એક મહિનાથી વિરોધ કરવામાં આવી રહ્યો છે



ત્યારે હવે કોંગ્રેસ સહીત મોટાભાગના વિપક્ષી દળો પણ ખેડૂત આંદોલનમાં જોડાઈ ગયા છે. ગઈકાલે જયારે રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધીએ રાષ્ટ્રપતિ ભવન ખાતે રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ સાથે મુલાકાત કરવા ગયા ત્યારે પ્રિયંકા ગાંધીની અટકાયત કરવામાં આવી હતી.

સમગ્ર મામલે જ્યાં એક તરફ કોંગ્રેસમાં રોષ છે તો બીજી બાજુ રાજસ્થાનના કોંગ્રેસના મુખ્યમંત્રી અશોક ગેહલોતે ખેડૂત આંદોલનને લઈને મોટું નિવેદન કર્યું છે. સીએમ ગેહલોતે નિવેદન કરતા જણાવ્યું છે કે નવા કૃષિ કાયદા અને ખેડૂતોના આંદોલનને લઈને પંજાબ રાજસ્થાન છત્તીસગઢ અને પુડુચેરીના મુખ્યમંત્રીઓ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ સાથે મુલાકાત કરવા માંગે છે.

વધુમાં તેમને જણાવ્યું છે કે, તેઓ ચોક્કસ કોઈના દબાણમાં છે. આ ચારેય મુખમંત્રીઓ તેમને મળવા માંગે છે પરંતુ તેઓ મળી નથી શકતા. આ મારી ધારણા છે.

# પાકિસ્તાનમાં મુંબઈ હૂમલાના માસ્ટરમિન્ડ હાફિજ સઈદને ટેરર ફંડિગ કેસમાં ૧૫ વર્ષની સજા

ઈસ્લામાબાદ,

મુંબઈ હૂમલાના માસ્ટરમાઈનેડ અને પ્રતિબંધિત જમાત ઉદ દાવા સંગઠનના પ્રમુખ હાફિજ સઈદને આતંક વિરોધી અદાલતે વધુ એક કેસમાં ૧૫ વર્ષની સજા આપી છે. અદાલતે હાફિજ સઈજદ ઉપર બે લાખ પાકિસ્તાની રુપિયાનો દંડ પણ લગાવ્યો છે. લાગહોરની આતંક વિરોધી કોર્ટે હાફિજ સઈદ સહિત પાંચ નેતાઓને સજા કરી છે. હાફિજ સઈદને પહેલાથી જ ટેરર ફંડિગના ચાર કેસમાં કુલ ૨૧ વર્ષની સજા આપવામાં આવી છે. ત્યારે આ સજા મળ્યા બાદ હવે હાફિજ સઈદને કોટ લખપતિ જેલમાં ૩૬ વર્ષની સજા ભોગવવી પડશે. આ તમામ સજા સમાંતર ચાલશે. પાકિસ્તાન સરકારે હાફિજ સઈદને જેલમાં વાઈપી પ્રોટોકોલ આપ્યો છે.



હાફિજ સઈદ સંયુક્ત રાષ્ટ્ર દ્વારા જાહેર કરાયેલ તંકી છે. જેના ઉપર મેરિકાએ પણ એક કરોડ ડોલરનું ઈનામ જાહેર કર્યુ હતું. હાફિજ સઈદની ટેરર ફંડિંગ કેસમાં ગત જુલાઈમાં ધરપકડ કરવામાં આવી હતી. ફેબ્રુઆરીની અંદર બે ટેરર ફંડિંગ કેસમાં તેને ૧૧ વર્ષની સજા આપવામાં આવી હતી. તોલ બીજા બે કેસમાં નવેમ્બરમાં ૧૦ વર્ષની સજા થઈ છે. ત્યારે ગુરુવારે સઈદ સાથે જે ચાર નેતાઓને સજા આપવામાં આવી છે તેમાં અબ્દુસ સલેમ, જફર ઈકબાલ, યાહ્યા મુજાહિદ અને મોહમ્મદ અશરફનો સમાવેશ થાય છે. સજાની સાથે આ તમામ લોકોને દંડ પમ કરવામાં આવ્યો છે.

કોર્ટે હાફિજ સઈદના સાળા અબ્દુલ રહમાન મક્કીને પણ ૬ મહિનાની સજા કરી છે. સજાની સુનવણી માટે હાફિજ સઈ ને તેના સાથીઓને કડક સુરક્ષા વચ્ચે કોર્ટમાં લવાયા હતા. જેયુડીના નેતાઓ ઉપર પાકિસ્તાનની વિવિધ અદાલતમાં કુલ ૪૧ કેસ છે. જેમાંથી ૨૮ કેસોનો નિર્ણય થઈ ગયો છે. હાફિજ સઈદના નેતૃત્વ વાળુ જેયુડી લશ્કર એ તોયબાનું જ એક સંગઠન છે. આ જ સંગઠને મુંબઈમાં કરેલા આતંકી હૂમલામાં કુલ ૧૬૬ લોકોના મોત થયા હતા.

# રાષ્ટ્રપતિ કોવિંદ દીવ મહોત્સવમાં હાજરી આપશે, રેડ કાર્પેટમાં સ્વાગત

ગાંધીનગર,

રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ ગુજરાતની મુલાકાતે છે. તેઓ રાજકોટ એરપોર્ટ પરથી દીવ મહોત્સવમાં જવા ખાસ હેલિકોપ્ટરથી રવાના થશે. એરપોર્ટ પર રેડ કાર્પેટ પર તેમનુ સ્વાગત કરાશે. દીવમાં રાષ્ટ્રપતિ જુદા-જુદા કામોનું ખાતમુહૂર્ત કરશે. રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ ગુજરાતની મુલાકાતે છે. રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદનું ૧૨:૧૦ કલાકે રાજકોટ એરપોર્ટ પર આગમન થશે. રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ રાજકોટ એરપોર્ટ ટૂંકું રોકાણ કરશે. રાષ્ટ્રપતિનું એરપોર્ટ પર તેમનું રેડ કાર્પેટ સ્વાગત કરાશે. રાજકોટથી રાષ્ટ્રપતિ દીવ જવા રવાના થશે. દીવમાં બપોરે ૧.૫૫ કલાકે જલંધર બીચ પર સર્કિટ હાઉસનું ઉદઘાટન કરશે. તો આજે તેઓ દીવમાં વિવિધ કાર્યક્રમમાં હાજરી આપશે.

Assure Cab
Never miss a flight
BECAUSE WE ASSURE CAB ALWAYS ON TIME.
CALL OR WHATSAPP
7490866866
Travel One Way
Pay One Way
ARE YOU STILL PAYING FOR TWO WAY CHARGES ?
GPS ENABLED ■ DOOR TO DOOR ■ SANITIZED CAR ■ TOLL TAX INCLUDED

| : AIRPORT FARES : | | : GUJARAT TO MAHARASHTRA : | |
|---|---|---|---|
| VADODRA TO AHMEDABAD | : Rs.1399 | RAJKOT TO MUMBAI | : Rs.8499 |
| SURAT TO TO AHMEDABAD | : Rs.3299 | AHMEDABAD TO MUMBAI | : Rs.6499 |
| SURAT TO MUMBAI | : Rs.3299 | VADODRA TO MUMBAI | : Rs.5499 |
| RAJKOT TO AHMEDABAD | : Rs.2299 | SURAT TO MUMBAI | : Rs.3299 |
| BHUJ TO AHMEDABAD | : Rs.3999 | | |

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

ખાબડા દૂધ ઉ.સ. મં.લી
ચેરમેન : શારદાબેન સુરસિંહ પટેલ
સેકેટરી : સુરસિંહ ડી. પટેલ
મુ. ખાબડા, તા.મોરવા(હ)

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

પરમાર દક્ષાબેન કમલેશકુમાર
મુ. બોડીદ્રાબુજર્ગ,
તા. ગોધરા

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# ગરબાડા ખાતે સુશાસન દિન નિમિત્તે કિસાન કલ્યાણ કાર્યક્રમમાં જિલ્લાના ૨,૪૩,૬૦૩ ખેડૂતોને રૂ. ૫૭.૩૫ કરોડના લાભોનું વિતરણ

ગરબાડા,

દેશના પૂર્વ વડાપ્રધાન અને ભારત રત્ન અટલ બિહારી વાજપેયીના જન્મ દિને મનાવતા સુશાસન દિન નિમિત્તે દાહોદ જિલ્લાના તમામ તાલુકા મથકોએ કિસાન કલ્યાણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગરબાડા ખાતે યોજાયેલા કાર્યક્રમમાં ગૃહ રાજ્ય મંત્રી પ્રદીપસિંહ જાડેજા ઉપસ્થિત રહ્યા હતા. આજના દિને જિલ્લાના ૨,૪૩,૬૦૩ ખેડૂતોને રૂ. ૫૭.૩૫ કરોડના લાભોનું વિતરણ કરવામાં આવ્યું હતું.


તસ્વીર : વિપુલ જોષી, ગરબાડા

આ પ્રસંગે ગૃહ રાજ્ય મંત્રી જાડેજાએ જણાવ્યું કે, કૃષિ અને સંલગ્ન ક્ષેત્રોના અવિતરત વિકાસ થકી ગુજરાત રાજ્યે સમગ્ર દેશમાં એક આગવી ઓળખ ઉભી કરી છે. આજે રાજ્ય દેશના વિકસીત અને મજબૂતીથી ઉભરતા રાજ્ય તરીકે સિદ્ધિ હાંસલ કરી દેશના બાકીના રાજ્યો માટે દીવાદાંડીરૂપ બન્યુંછે.

ગુજરાત રાજ્યનો વૃદ્ધિદર રાષ્ટ્રના સરેરાશ વૃદ્ધિદર કરતા સતત વધારે રહ્યો છે અને તેમાં કૃષિ અને તેના સંલગ્ન ક્ષેત્રોનું યોગદાન મહત્વનું રહ્યું છે. રાજ્યના ખેડૂતોને અદ્યતન ટેકનોલોજી અપનાવવા માટે ખેડૂતોને રાજ્ય સરકાર દ્વારા અમલી વિવિધ કલ્યાણકારી યોજનાઓ થકી સતત સહાય કરવામાં આવી રહી છે. તેના પરિણામે ગુજરાતના ખેડૂતો વધુ પાક ઉત્પાદન મેળવતા થયા છે. ખેડૂતલક્ષી યોજનાની માહિતી આપતા કહ્યું કે, સોઈલ હેલ્થ કાર્ડ, કૃષિ મહોત્સવ, કૃષિ કલ્યાણ અભિયાન, જળ સંચયના ઘનિષ્ઠ અભિયાનો, કૃષિ યાંત્રિકરણ, મૂલ્ય વર્ધિત ખેતી, ટેકાના ભાવો, વીજળી અને વીમા જેવી બાબતો આવરી લઈ બનાવેલી યોજનાઓના માધ્યમથી સરકાર હંમેશા ખેડૂતોને પડખે ઉભી રહી છે.

અતિવૃષ્ટિ હોય કે અનાવૃષ્ટિ, સરકાર હરહંમેશ ખેડૂતોની વ્હારે આવી છે, એમ કહેતા તેમણે ઉમેર્યું કે, વર્ષ ૨૦૧૭માં અતિવૃષ્ટિ થતાં ૭.૬૯ લાખ ખેડૂતોને રૂ. ૧૭૦૬ કરોડ, વર્ષ ૨૦૧૮-૧૯માં ૧૭.૫૯ લાખ ખેડૂતોને રૂ. ૧૬૭૮ કરોડ, ૨૦૧૯માં કમૌસમી વરસાદ માટે ખાસ પેકેજ અંતર્ગત ૩૨.૦૪ લાખ ખેડૂતોને રૂ. ૨૪૭૮.૪૯ કરોડની સહાયની ચૂકવણી કરી છે. ચાલુ વર્ષે પણ રાજ્ય સરકાર દ્વારા ૨૦ જિલ્લાના ૧૨૩ તાલુકાના અંદાજિત ૩૭ હેક્ટરમાં થયેલી નુકસાની બદલ રૂ. ૩૮૦૦ કરોડનું પેકેજ જાહેર કરવામાં આવ્યું છે. જે પૈકી રૂ. ૨૮૨૫ કરોડની ચૂકવણી કરી દેવામાં આવી છે. ગાંધીનગરથી મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી અને દિલ્હી ખાતેથી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા કરવામાં આવેલા પ્રવચનોને સ્થાનિક ખેડૂતોએ રસપૂર્વક સાંભળ્યા હતા. મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની ખેડૂતલક્ષી યોજના સાત પગલાં કૃષિ કલ્યાણની માહિતી પણ ઉપસ્થિતોને આપી હતી અને તેનો લાભ લેવા અનુરોધ કર્યો હતો. ખેડૂતો દ્વારા લગાવવામાં આવેલા સ્ટોલની પણ મુલાકાત લીધી હતી અને ઓર્ગેનિક કૃષિ ઉત્પાદનોની માહિતી મેળવી હતી. કલેક્ટર વિજય ખરાડીએ સ્વાગત કરતા કહ્યું કે, લોકોને સુશાસનની પ્રતીતિ થાય તે માટે રાજ્ય સરકારની યોજનાઓનું સારી અમલીકરણ કરવા માટે તંત્ર હંમેશા સક્રિય રીતે કામ કરી રહ્યું છે. આભાર વિધિ જિલ્લા ખેતીવાડી અધિકારી સુથારે કરી હતી.

આ વેળાએ દાહોદ જિલ્લાના ખેડૂતોને સાત પગલાંકૃષિ કલ્યાણના યોજના અંતર્ગત મળવાપાત્ર લાભોનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં અગ્રણી સ્નેહલભાઇ ધરિયા, ગોધરા રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક એમ. એસ. ભરાડા, પોલીસ અધીક્ષક હિતેશ જોયસર સહિત ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

# ઝાલોદના વરોડ ટોલનાકા પાસે કાર ચાલકે ઉભેલ ડમ્પરને અથડાવી દેતાં કારમાં સવાર ૧૬ વર્ષીય બાળકનું ઘટના સ્થળે મોત

દાહોદ,

ઝાલોદ તાલુકાના વરોડ ટોલ નાકા પાસે ગતરોજ મોડી સાંજના સમયે એક ફોર વ્હીલર ગાડીના ચાલકે રસ્તાની સાઈડમાં બગડી ગયેલ ડમ્પરને અડફેટમાં લેતાં વૈભવી ફોર વ્હીલર ગાડીમાં સવાર પરીવાર પૈકી એક ૧૬ વર્ષીય બાળાનું ઘટના સ્થળે જ કમકમાટી ભર્યું મોત નીપજતાં પરિવારમાં માતમ છવાઈ ગયો હતો. વધુમાં આ ગમખ્વાર માર્ગ અકસ્માતમાં બે જેટલા વધુ ગંભીર ઈજાગ્રસ્તોને નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે.


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

ગતરોજ મોડી સાંજના સમયે ઝાલોદ તાલુકાના વરોડ ટોલનાકા જવાના રસ્તેથી ઝાલોદ તાલુકાના પારેવા ગામે સંગાડા ફળિયામાં રહેતા પ્રેમભાઈ શાંતિલાલ સંગાડા અને તેમનો પરિવાર પોતાના કબજાની રિનોલ્ડ ફોર વ્હીલર ગાડીમાં બેસી વરોડ ટોલનાકા પાસેથી પસાર થઈ રહ્યો હતો. આ દરમ્યાન પ્રેમભાઈ દ્વારા પોતાના કબજાની ગાડી પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવતાં રસ્તાની સાઈડમાં બંધ પડેલ હાલતમાં ઉભેલ ડમ્પર સાથે ધડાકાભેર આ પ્રેમભાઈની ફોર વ્હીલર અથડાતાંની સાથે જ અંદર સવારે ૧૬ વર્ષીય શ્રુતિબેનને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ થતાં તેનું ઘટના સ્થળ પરજ કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું જ્યારે વધુ બે જણાને પણ શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા તેઓને ૧૦૮ મારફતે તાત્કાલિક નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. ઘટનાની જાણ આસપાસના લોકોને થતાં લોકટોળા ઘટના સ્થળે ઉમટી પડ્યા હતા અને પોલીસ પણ જોતજોતામાં આવી પહોંચી હતી.

આ સમગ્ર ઘટના સંદર્ભે ઝાલોદ તાલુકાના મુવાડા ગામે રહેતા વિશ્રામભાઈ શાંતિલાલ સંગાડાએ લીમડી પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# દાહોદજીલ્લામાં ખ્રિસ્તી સમુદાય દ્વારા સફાઈ અને સોશ્યલ ડિસ્ટન્સ સાથે નાતાલ પર્વની ઉજવણી

દાહોદ,

આજે ક્રિસમસ એટલે નાતાલના તહેવાર નિમિત્તે દાહોદ શહેર સહિત જિલ્લાના ખ્રિસ્તી સમુદાય દ્વારા ચર્ચ (દેવળ) માં સાદાઈ થી અને સોશીયલ ડિસ્ટન્સના પાલન સાથે નાતાલ પર્વની હર્ષોઉલ્લાસ સાથે ઉજવણી કરી હતી. નવા વર્ષના પ્રારંભ સાથે ખ્રિસ્તી સમુદાયે એકબીજાને શેચ્છાઓ પણ પાઠવી હતી.

કોરોના કાળ જ્યારથી શરૂ થયો છે. ત્યારથી લઈને આજદિન સુધીના તમામ નાના મોટા તહેવારોની ઉજવણી લોકોએ સાદાઈપૂર્વક અથવા તો કરીજ નથી તેમ કહીએ તો તેમાં કોઈ અતિશયક્તિ નહીં ગણાય. હોળી, જન્મષ્ટમી, ભગવાનજગન્નાથ યાત્રા, આઠમ, સાતમ, ઈદ, દિવાળી જેવા અનેક તહેવારો આ વર્ષે લોકોએ સરકારના નિયમોને આધિન ઉજવ્યા છે ત્યારે વર્ષના અંતે ૨૫મી ડિસેમ્બરના રોજ નાતાલ એટલે કે, ક્રિસમસની ઉજવણી ખ્રિસ્તી સમુદાયના લોકો ધામધુમ પુર્વક ઉજવણી કરતા આવ્યા છે. દર વર્ષે દાહોદ શહેરમાં આ સમુદાય દ્વારા જુલુસ સહિતના કાર્યક્રમો યોજવામાં આવતાં હતા પરંતુ આ વર્ષે કોરોના ગ્રહણ લાગતાં આ સમુદાય દ્વારા માત્ર દેવળ (ચર્ચ)માં ભગવાન ઈશુની પુજા, અર્ચના તેમજ પ્રાર્થના કરી હતી અને એકબીજાને શુભેચ્છા પાઠવી હતી પરંતુ દર વર્ષની જેમ આ વર્ષે ખ્રિસ્તી સમુદાયના લોકો દ્વારા ચર્ચ અને પોત પોતાના ઘરોને રોશનીથી સણગારી દીધા હતા.

# દાહોદ તાલુકાના ગલાલીયાવાડાની પરણિતાને પતિ દ્વારા ત્રાસ અપાતા ફરિયાદ

દાહોદ,

દાહોદ તાલુકાના ગલાલીયાવાડ ગામે રહેતી એક ૨૫ વર્ષીય પરણિતાને પતિ દ્વારા શારિરીક અને માનસીક ત્રાસ આપતાં પહેરેલ કપડે ઘરમાંથી કાઢી મુકતાં આવા ત્રાસથી વાજ આવેલ પરણિતાએ ન્યાયની ગુહાર માટે મહિલા પોલીસના દરવાજા ખટખટાવ્યાનું જાણવા મળે છે.

ગલાલીયાવાડમાં રહેતી ૨૫ વર્ષીય રેખાબેન પુરૂષોત્તમભાઈ ડામોર દ્વારા નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યા અનુસાર, તેઓના લગ્ન નવ માસ અગાઉ ગલાલાયાવાડ વિસ્તારમાં રહેતા પુરૂષોત્તમભાઈ પ્રતાપભાઈ ડામોર સાથે સમાજના રિતી રિવાજ મુજબ થયા હતા. લગ્નના એકાદ માસ જેટલું સારૂ રાખ્યા બાદ પુરૂષોત્તમભાઈ દ્વારા પોત પ્રકાશ્યું હતુ અને અવાર નવાર રેખાબેનને મેણા ટોણા મારી કહેતા હતા કે, તને ઘરનું કામકાજ બરાબર આવડતું નથી, તું મને ગમતી નથી, તું દુબળી છે, મારે તને રાખવી નથી, તેમ કહી અવાર નવાર ઝગડો તકરાર કરી રેખાબેનને શારિરીક અને માનસીક ત્રાસ આપતો હતો. પતિ દ્વારા આવા અમાનુીષી ત્રાસથી વાજ આવેલ રેખાબેન દ્વારા દાહોદ મહિલા પોલીસ મથકે પતિ પુરૂષોત્તમભાઈ ડામોર વિરૂધ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# અમદાવાદમાં સફાઈકામદાર: બોડકદેવ ઓફિસ બહાર સૂત્રોચ્ચાર કરીને વિરોધ કર્યો

અમદાવાદ,

અમદાવાદ શહેરમાં નવા પશ્ચિમ ઝોનમાં ફરજ બજાવતા સફાઈકર્મચારીઓને વારસાઈનો હક મળે એવી માગ સાથે ગુરુવારે સવારથી શહેરમાં ફરજ બજાવતા ૧૭ હજાર સફાઈકર્મી હડતાળ પર ઊતરી ગયા છે. તેમની હડતાળનો આજે બીજો દિવસ છે. તેઓ તેમનાં કામકાજથી આજે અળગા રહ્યા હતા. બોડકદેવ ઝોનલ ઓફિસની બહાર સૂત્રોચ્ચાર કરીને સફાઈકામદારોએ વિરોધ નોંધાવ્યો હતો. તેમનું કહેવું છે કે જ્યાં સુધી ફરિયાદ નહીં નોંધાય ત્યાં સુધી હડતાળ યથાવત્ રહેશે. ગુરુવારે પીઆઇ આર.એમ. સરોદેએ સફાઈકર્મીઓની ફરિયાદ લેવાની ના પાડી દીધી હતી, જેને પગલે આક્રમક



બનેલા સફાઈકર્મીઓએ હાય હાય ભાજપ, મેયર, કમિશનરના સૂત્રોચ્ચાર કર્યા, ગૃહ રાજ્યમંત્રી પ્રદીપસિંહ જાડેજાનો હુરિયો બોલાવ્યો હતો.

સફાઈકર્મીઓએ ગુરુવારે બપોર બાદ ત્રણ કલાક કરતાં વધુ સમય સુધી વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન સામેનો રોડ બ્લોક કરી દીધો હતો. DYMC ખરસાણ સામે ફરિયાદ નોંધવા ત્રણ વખત પોલીસ સાથે વાટાઘાટો છતાં કોઈ ઉકેલ આવ્યો નથી. સફાઈકર્મીઓ પોલીસ ફરિયાદની માગ પર અડગ છે, જ્યારે પોલીસ ફરિયાદ નોંધવાની ના પાડી રહી છે, જેને પગલે સફાઈકર્મીના આગેવાને કહ્યું, હવે પોલીસ કમિશનર સંજય શ્રીવાસ્તવને આવેદનપત્ર આપી રજૂઆત કરશે. મ્યુનિસિપલ કમિશનર મુકેશકુમાર સાથે જ વાટાઘાટો કરીશું. હવે વધુ ગુણવંતભાઈ જેવા આત્મવિલોપન કરી શકે છે. ડીસીપી રવીન્દ્ર પટેલને આ બાબતે કહી દીધું છે.

હવે અમારે આકરો નિર્ણય લેવો પડશે. જો ફરિયાદ નહીં લે તો શારદાબેન હોસ્પિટલ, એલ.જી. હોસ્પિટલ, વી.એસ.હોસ્પિટલ, મલેરિયા ખાતું અને એએમટીએસ સહિતનાં બધાં જ ખાતાં બંધ કરીશું. સવારથી સફાઈકર્મીઓ બોડકદેવ ખાતે આવેલી ઉત્તરપશ્ચિમ ઝોનની ઓફિસે ભેગા થયા છે. કર્મીઓની ભીડ જામતાં બોડકદેવ ઝોનલ ઓફિસના ગેટ પોલીસે બંધ કરાવી દીધા છે. મ્યુનિસિપલ કોર્પોરેશનનો કર્મચારી હોય કે સામાન્ય માણસ હોય, કોઈને પણ અંદર જવાની પરમિશન આપવામાં આવતી નથી. પોલીસે ઝોનલ ઓફિસના ગેટને બંધ કરાવી દેતાં કામકાજ અટકી પડ્યું છે. ત્યાર બાદ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનના પણ ગેટ બંધ કરી દેવાતાં નોકરમંડળની આકરા આંદોલનની ચીમકી આપવામાં આવી છે.

# દે.બારીઆમાં ઠેર-ઠેર રખડતા ભૂંડોથી છુટકારો મળશે ખરો ???

દે.બારીઆ,

દે.બારીઆ શહેર પંચમહાલ જીલ્લાનું પેરીસમાં ગણના થતી હતી. એક જ બળદ ગાડામાં શહેરના જાહેર ઉકરડા ભરવામાં આવતા હતા. આજે નગર પાલિકા પાસે ટ્રેકટરોની કમી નથી તો પણ જાહેર ઉકરડાના ઢગના ઢગ છે. જેમાં રસ્તે રખડતા ભૂંડોના ઝૂંડોના ટોળે ટોળા જાહેર ઉકરડામાં ખોરાકની શોધમાં ફરે છે. જેથી તે ભૂંડોના ત્રાસ થી ખોરાકની શોધમાં ફરે છે. જેથી તે ભૂંડોના ત્રાસ થી આમ જનતા તેમજ ખાસ કરીને બાઈક સવારો ઘણા હેરાન પરેશાન છે.

મળતી માહિતી મુજબ આ રખડતા ભૂંડો છૂટા મૂકનાર એક સિકલીગર આ પ્રાણીનો વેપારી છે. જે શહેરમાં લાવીને છૂટા મૂકી દેતા હોય છે અને ટોળેટોળા શહેરના વિવિધ વિસ્તારોના જાહેર ઉકરડા ઉપર મોટા સાંઢ જેવા ભૂંડો અચાનર રોડ ઉપર આવી જઈને બાઈક સવારોને ઉથલાવી પાડ છે. તેમજ કોઈને બચકું ભરી લેતા પગને ચાવીને ખઈ જાય તેવા મોટા દાંતના છે. અગાઉના વર્ષોમાં ભૂંડના સંક્રમણ થી એક ગંભીર બીમારી ફેલી હતી. જેને ધ્યાને લઈને દેવગઢ બારીઆ નગર પાલિકાનું સેનેટરી વિભાગ એકશનમાં આવે જે તે ખાનગી ભૂંડોનું વેપાર કરતા વેપારી સીકલીગરને નોટીસ પાઠવી ને આ તમારા ભૂંડોને તમારા ખાનગી વાડા બાંધીને લાખો નાણા ભૂંડોના વેપારી કમાય અને ત્રાસ આમ જનતા વેઠે તે કયાંનો ન્યાય છે. વહેલી તકે આ રખડતા ભૂંડોના ત્રાસ થી છુટકારો અપાવે તેવી આમ જનતાની માંગ ઉઠવા પામી છે.

# લીમખેડા પ્રતાપપુરાની સગીરને લગ્નની લાલચે ભગાડી જતાં ફરિયાદ

દાહોદ,

લીમખેડા તાલુકાના પ્રતાપપુરા ગામેથી એક ૧૭ વર્ષીય સગીરાને પ્રેમના પાઠ ભણાવી લગ્નની લાલચ આપી એક યુવક અપહરણ કરી લઈ નાસી જતાં પોલીસમાં ફરિયાદ નોંધાવા પામી છે.

લીમખેડા તાલુકાના પાણીયા ગામે રહેતો હસમુખભાઈ દિલીપભાઈ પટેલ દ્વારા ગત તા.૧૪મી ડિસેમ્બરના રોજ લીમખેડા તાલુકામાં રહેતી એક ૧૭ વર્ષીય સગીરાને પ્રેમના પાઠ ભણાવી, લગ્નની લાલચ આપી, પત્નિ તરીકે રાખવાના ઈરાદે અપહરણ કરી લઈ નાસી જતાં આ સંબંધે સગીરાના વાલી વારસ દ્વારા લીમખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# વર્ગદીઠ ૧૫ વિદ્યાર્થી રહેશે, પારદર્શક બોટલમાં પાણી અને સેનેટાઈઝર લઈ જઈ શકાશે

અમદાવાદ,

જીટીયુ દ્વારા આ વખતની સેમેસ્ટર પરીક્ષાઓ માત્ર ઓફલાઈન લેવામાં આવનાર છે. ત્યારે ૧૦મી જાન્યુઆરીથી પ્રથમ તબક્કામાં શરુ થતી ઁની પરીક્ષાઓને લઈને યુનિવર્સિટી દ્વારા કોલેજો-સેન્ટરો માટે ગાઈડલાઈન જાહેર કરવામાં આવી છે. આ ગાઈડલાઈન પ્રમાણે ઓફલાઈન પરીક્ષામાં એક વર્ગમાં ૧૫ વિદ્યાર્થીઓ રહેશે. વિદ્યાર્થીઓએ પરીક્ષાના સેન્ટર પર એક કલાક વહેલા પહોંચવું પડશે. તે ઉપરાંત આચાર્ય એ સેન્ટર ઈન્ચાર્જ રહેવું પડશે. જીટીયુ દ્વારા આગામી ૧૦મી જાન્યુઆરીથી એમબીએ, એમસીએ, યુજી-પીજી, ફાર્મસીમાં તેમજ આર્કેટેક્ચર સહિતના કોર્સમાં સેમેસ્ટર ૩,૫,૭ સહિતના ઓડ કોર્સની સેમેસ્ટરની પરીક્ષાઓ લેવામાં આવનાર છે. આ વખતે માત્ર ઓફલાઈન પરીક્ષા થનાર છે. હાલમાં આ પરીક્ષા યોજવી એ કોલેજો અને જીટીયુ માટે મોટી જવાબદારી છે. ગત વખતની પરીક્ષાઓમાં ઓનલાઈન અને ઓફલાઈન બંને તકો આપવામાં આવી હતી. પરંતુ ઓનલાઈ પરીક્ષામાં ગેરરીતી ધ્યાને આવતાં અને ઓનલાઈન અને ઓફલાઈન બંને રીતે પરીક્ષામાં ડિસ્ક્રિમિનેશન ઉભું થતું હોવાથી આ વખતે માત્ર ઓફલાઈન પરીક્ષા લેવાનું જ નક્કી કરવામાં આવ્યું છે. જીટીયુંએ આ વખતે પરીક્ષાઓ માટે જાહેર કરેલી ગાઈડલાઈનમાં કોલેજના આચાર્યની ખાસ જવાબદારી નક્કી કરી છે. જીટીયુએ દરેક કોલેજને આચાર્યને સેન્ટર ઈન્ચાર્જ રાખવા માટે આદેશ કર્યો છે. અગાઉ કોલેજ કોઈપણને ઈન્ચાર્જ રાખી શકતી હતી. પરંતુ હવે દરેક કોલેજના આચાર્ય જ સેન્ટર ઈન્ચાર્જ રહેશે.

વિદ્યાર્થીઓને પરીક્ષામાં ટ્રાન્સપરન્ટ બોટલમાં પાણી લઈ જવાની તથા હેન્ડ સેનેટાઈઝર સાથે લઈ જવાની છુટ આપવામાં આવી છે. જ્યારે સ્ટાફ મેમ્બર્સને પણ પાણી ટ્રાન્સપરન્ટ બોટલમાં લઈ જવા તાકિદ કરવામાં આવી છે. અન્ય સૂચનાઓ મુજબ કોલેજોએ સ્વચ્છતા, સોશિયલ ડિસ્ટન્સિંગ, માસ્ક તથા સેનેટાઈઝરની બાબતે ખાસ તકેદારી રાખવાની રહેશે. વર્ગદીઠ માત્ર ૧૫ વિદ્યાર્થી જ બેસાડી શકાશે. તે ઉપરાંત વિદ્યાર્થીએ એક કલાક વહેલાં પરીક્ષા કેન્દ્ર પર પહોંચવું પડશે. પરિક્ષા દરમિયાન યુનિવર્સિટીની ટીમ કોઈ પણ કોલેજમાં ઓચિંતુ ચેકિંગ હાથ ધરશે.

# ઠંડી અને ઉપરથી રાત્રિ કરફ્યૂનો લાભ લઈ વડોદરામાં તસ્કરોએ ૧૭ દુકાનોના તાળા તોડ્યા

વડોદરા,

રાત્રિ કરફ્યૂ અને શિયાળાની ઠંડીનો લાભ લઈ તસ્કરોએ મોડી રાત્રે વડોદરાના પાસેના બાજવા-કોયલી રોડ ઉપર આતંક મચાવ્યો હતો. તસ્કરો એક કલાકમાં બાજવા-કોયલી રોડ ઉપર આવેલા સાગર રેસિકમ પ્લાઝામાં રેડીમેઈડ કપડાના બે શો રૂમ સહિત ૧૭ દુકાનોના તાળાં તોડી રોકડ અને સામાન સહિત લાખોનો મુદ્દામાલ ચોરી કરી ગયા હતા. તસ્કરો એક પાન કોર્નરમાંથી ૧ લાખ રૂપિયાની સિગારેટ પણ ચોરી કરી ગયા હતા. વડોદરા નજીક બાજવા-કોયલી રોડ ઉપર પાંચ મજલી સાગર રેસીકમ પ્લાઝા નામનું કોમ્પ્લેક્સ આવેલું છે. આ કોમ્પ્લેક્સમાં ૭ દુકાનો ધરાવતો રજવાડા રેડિમેઈડ કપડાંનો ભવ્ય શો રૂમ, ૫ દુકાનો ધરાવતો રેડીમેઈડ




કપડાનો ફેશન પોઈન્ટ નામનો શો રૂમ, પ્રોજેક્ટ હાર્ડવેર, ગુરૂકૃપા પાન કોર્નર ઉપરાંત ઈલેકટ્રોનિક્સ, ઈલેકટ્રીકલ સહિત વિવિધ ચીજવસ્તુઓના વ્યવસાયની દુકાનો આવેલી છે.

રાત્રિ કરફ્યૂ અને શિયાળાની ઠંડીનો લાભ લઈ તસ્કરોએ મોડી રાત્રે ૧ વાગે કોમ્પ્લેક્ષની દુકાનોને નિશાન બનાવી હતી. ત્યાર બાદ તબક્કાવાર એક કલાકના સમયમાં કોમ્પ્લેક્સ સ્થિત ૧૭ જેટલી દુકાનોના તાળાં તોડ્યા હતા. ચોરોએ દુકાનોમાંથી રોકડ તેમજ સામાનની ચોરી કરી ગયા હતા. ગુરૂકૃપા પાન કોર્નરમાંથી રૂપિયા ૧ લાખ કિંમતની સિગારેટની ચોરી કરી હતી. સવારે દુકાનો ખોલવા માટે આવેલા માલિકોને કોમ્પ્લેક્સમાં ચોરી થઈ હોવાની જાણ થતાં ચોંકી ઉઠ્યા હતા. સાગર કોમ્પ્લેક્સમાં ચોરી થઈ હોવાની વાત વાયુવેગે પ્રસરી જતાં સ્થાનિક લોકોના ટોળા એકઠા થઈ ગયા હતા.

આ સાથે આ બનાવની જાણ જવાહરનગર પોલીસને થતાં પોલીસ સ્થળ પર દોડી આવી. પોલીસની પ્રાથમિક તપાસમાં અને કોમ્પ્લેક્સ સ્થિત સીસીટીવી ફૂટેજની તપાસમાં તસ્કરો મંકી ટોપી, હેન્ડ ગ્લોઝ પહેરીને ત્રાટક્યા હતા. તસ્કરો સરદારજી હોવાનું પણ અનુમાન સેવાઈ રહ્યું છે. બાજવામાં એક સાથે ૧૭ જેટલી દુકાનોના તાળાં તૂટતા વેપારીઓ અને સ્થાનિક લોકોએ પોલીસ તંત્રના રાત્રિ પેટ્રોલિંગ ઉપર સવાલો ઉઠાવ્યો હતો. લોકોએ જણાવ્યું હતું કે, પોલીસ તંત્રનું રાત્રિ પેટ્રોલીંગ કાગળ ઉપરજ ચાલી રહ્યું છે.

# દાહોદ જીલ્લામાં આજરોજ ૧૬ કોરોના કેસ નોંધાયા

દાહોદ,

દાહોદ જિલ્લામાં આજે વધું ૧૬ કોરોના દર્દીઓના સમાવેશ સાથે જિલ્લામાં કોરોનાનો કુલ આંકડો ૨૫૬૨ને પાર થઈ ચુક્યો છે.

આર.ટી.પી.સી.આર. ના ૨૮૮ પૈકી ૧૪ અને રેપીટ ટેસ્ટના ૪૪૫ પૈકી ૦૨ મળી આજે ૧૬ કેસો કોરોના પોઝીટીવ સામે આવ્યા છે. આ ૧૬ પૈકી દાહોદ અર્બનમાંથી ૦૮, દાહોદ ગ્રામ્યમાંથી ૦૨, ઝાલોદ ગ્રામ્યમાંથી ૦૨, દેવગઢ બારીઆ અર્બનમાંથી ૦૧, લીમખેડામાંથી ૦૧ અને ગરબાડામાંથી ૦૨ કેસનો સમાવેશ થાય છે. આજે વધુ ૧૫ દર્દીઓને એકસાથે હોસ્પિટલમાંથી રજા આપતાં એક્ટીવ કેસની સંખ્યા ૧૪૪ ઉપર પહોંચી છે ત્યારે અત્યાર સુધી કોરોનાથી મૃતકોની સંખ્યા ૮૯ રહેવા પામી છે.

# જેતપુર પંથકામાં સિંહના ધામા જોવા મળ્યા, પજવણીનો વીડિયો વાયરલ

જેતપુર,

જૂનાગઢના જેતપુર પંથકામાં સિંહના ધામા જોવા મળ્યા છે. ત્યારે જેતપુરના સુખપુર ગામે સિંહની પજવણીનો વીડિયો સામે આવ્યો છે. આ વિસ્તારમાં મહેમાન બનેલા આઠથી દસ જેટલા સિંહોના ટોળા પાછળ વાહનો દોડાવવામાં આવતા હોય તેવો વીડિયો સામે આવ્યો છે. ગ્રામજનો દ્વારા સિંહને પજવણી થતા એક સિંહ હુમલો કરવા માટે બાઈક સવાર પાછળ દોડતો હોય તેવો પણ વીડિયો જોવા મળ્યો છે. વન વિભાગના કાયદામાં સિંહને રક્ષીત જાહેર કરવામાં આવ્યો છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 106

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## પંચમહાલ જીલ્લાના તમામ તાલુકામાં

# પૂર્વ વડાપ્રધાન બાજપાઈના જન્મ દિવસની સુશાસન દિવસ તરીકે ઉજવણી



તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

## ગોધરામાં સુશાસન દિનની ઉજવણી કરાઈ

ગોધરા,
ભારત દેશના વિકાસ પુરૂષ ભારતરત્ન અને ભારતના પૂર્વ વડાપ્રધાન આદરણીય અટલબિહારી વાજપેયીની જન્મ જયતિ સુશાસન દિન નિમિતે સુખીચાપુરી ગામે ખેડૂત આગેવાન અને ખેતીવાડી ઉતપન્ન બજાર સમિતિ, ગોધરાના ચેરમેન રાજેન્દ્રસિંહ વજેસિંહ ચૌહાણ, ગામના સરપંચ કનુભાઈ વી.ચૌહાણ, સ્થાનિક ખેડૂતો, આગેવાનો દ્વારા સોશ્યલ ડિસ્ટન્સ રાખી તેઓને યાદ કરેલ.

બજાર સમિતિના ચેરમેન દ્વારા માન. વડાપ્રધાન એ ખેડૂતોને ૧૮,૦૦૦ કરોડની માતબર રકમ આજના શુભ દિને ખેડૂતોના બેન્ક ખાતાઓ માં જમા આપવા બદલ તેઓનો આભાર માનેલ છે. પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકાના તમામ ખેડૂતો ને પ્રધાનમંત્રી કિસાન સન્માનનિધી નો લાભ મળે અને કોઈ ખેડૂત ખાતેદાર આ લાભથી વંચીત ન રહી જાય તે માટે વિવિધ પ્રયત્નો બજાર સમિતિ ગોધરા કરી રહેલ છે. રાજય સરકારની ખેડુતો પ્રત્યેની લાગણી અને સંવેદનશીલતા બાબતનો પત્ર ખેડૂતભાઈને આપવામાં આવે.



તસ્વીર : તુષાર દરજી, શહેરા

## શહેરા સહિત તાલુકામાં સુશાસન દિવસની ઉજવણી કરાઈ

શહેરા,
શહેરા સહિત સમગ્ર તાલુકામાં સુશાસન દિવસની ઉત્સાહપૂર્વક ઉજવણી કરાઈ હતી. નગર પાલિકાના હોલ ખાતે મહાનુભાવોના હસ્તે સાત પગલા ખેડૂત કલ્યાણ યોજનાના વિવિધ ૧૦૦ વધુ લાભાર્થીઓને સહાય વિતરણ કરવામાં આવી હતી. કાર્યક્રમ સ્થળ ખાતે પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. જયારે કોઈ કારણસર ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડ કાર્યક્રમમાં ઉપસ્થિત રહયા ના હતા.

શહેરા નગર અને તાલુકામા ભૂતપૂર્વ વડાપ્રધાન સ્વ. અટલબિહારી વાજપેયીના જન્મદિવસ નિમિતે સુશાષન દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. નગરપાલિકા હોલ ખાતે જિલ્લા કલેક્ટર અમિત અરોરાની અદયક્ષતામાં કિસાન કલ્યાણ કાર્યક્રમ યોજાયો હતો. જિલ્લા કલેકટર અમિત અરોરા, જિલ્લા ખેતીવાડી અધિકારી જે.ડી.ચારેલ, માર્કેટીંગયાર્ડ ચેરમેન જશુભાઈ પગી, મામલતદાર મેહુલ ભરવાડ અને નગર ભાજપ પ્રમુખ અંબાલાલ વાળંદ સહિતના મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટ્ય કરીને કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. કાર્યક્રમના અદયક્ષસ્થાનેથી જિલ્લા કલેક્ટર અમિત અરોરા એ સરકાર દ્વારા કાર્યરત કિસાન કલ્યાણ યોજનાઓ અંગે વિગતવાર માહિતી આપતા આ યોજનાઓની સફળતા માટે વધુમાં વધુ લાભાર્થીઓને તેમનો લાભ ઉઠાવવા આગ્રહ કર્યો હતો. જિલ્લાના ૨ લાખથી વધુ ખેડૂતોને કિસાન સન્માન નિધિ યોજના અંતર્ગત ૨૦૦ કરોડથી વધુ રકમનું ચુકવણું ડાયરેક્ટ બેન્ક ટ્રાન્સફર મારફતે કરવામાં આવ્યું છે, આવી લાભકારી યોજનાઓનો લાભ છેવાડાના દરેક ખેડૂત સુધી પહોંચે તે માટે સક્રિયપણે સહકાર આપવા જણાવ્યું હતું. કોરોના સંક્રમણનો ભય ટળ્યો નથી. ત્યારે માસ્ક અને સામાજિક અંતર સહિતની સાવચેતીઓનું પાલન ચુસ્તપણે કરવા જિલ્લા સમાહર્તાએ અનુરોધ કર્યો હતો. કાર્યક્રમના અંતમાં ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે લાભાર્થીઓને સાત પગલા ખેડૂત કલ્યાણના અંતર્ગતની વિવિધ યોજનાઓ માનવ ગરિમા યોજના સિલાઈ મશીન, કડિયા કામની કીટ, સુથારી કામ કીટ, શ્રેષ્ઠ પશુપાલકના એવોર્ડ, મુખ્યમંત્રી પાક સંગ્રહ સ્ટ્રક્ચર યોજનાના લાભોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં ઈ-સેવાસેતુ અને કોરોના અંગેની ફિલ્મનું પણ નિદર્શન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં એપી.એમ.સી ચેરમેન જશુભાઈ, મામલતદાર મેહુલ ભરવાડ સહિતના અધિકારીઓ પદાધિકારીઓ અને ખેડૂત મિત્રો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડ ની ઉપસ્થિતિમાં યોજવાનો હતો.પણ કોઈ કારણસર તેઓ આવી શક્યા ના હતા.



તસ્વીર : હસમુખ શિકારી મોરવા(હ)

## મોરવા હડફ ખાતે સુશાસન દિવસની ઉજવણી નિમિત્તે સાત પગલા ખેડૂત કલ્યાણ યોજનાના વિવિધ લાભાર્થીઓને સહાય વિતરણ

મોરવા(હ),
આજે દેશભરમાં ભૂતપૂર્વ વડાપ્રધાન સ્વ.અટલબિહારી વાજપેયીના જન્મદિવસ નિમિતે સુશાસન દિવસની ઉજવણી કરાઈ રહી છે. ત્યારે પંચમહાલ જિલ્લાના તમામ તાલુકાઓમાં પણ ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. મોરવા હડફ તાલુકામાં મોરવા ખાતે આવેલ સરકારી શાળામાં પૂર્વ ધારાસભ્ય નીમિશાબેન સુથારની અદયક્ષતામાં કિસાન કલ્યાણ કાર્યક્રમ યોજાયો હતો. જિલ્લાના ૨ લાખથી વધુ ખેડૂતોને કિસાન સન્માન નિધિ યોજના અંતર્ગત ૨૦૦ કરોડથી વધુ રકમનું ચુકવણું ડાયરેક્ટ બેન્ક ટ્રાન્સફર મારફતે કરવામાં આવ્યું છે. ત્યારે આવી લાભકારી યોજનાઓનો લાભ છેવાડાના દરેક ખેડૂત સુધી પહોંચે તે માટે સક્રિયપણે સહકાર આપવા જણાવ્યું હતું. કોરોના સંક્રમણનો ભય ટળ્યો નથી. ત્યારે માસ્ક અને સામાજિક અંતર સહિતની સાવચેતીઓનું પાલન ચુસ્તપણે કરવા અનુરોધ કરવામાં આવ્યો હતો. કાર્યક્રમના અંતમાં ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે લાભાર્થીઓને સાત પગલા ખેડૂત કલ્યાણના અંતર્ગતની વિવિધ યોજનાઓ માનવ ગરિમા યોજના સિલાઈ મશીન, કડિયા કામની કીટ, સુથારી કામ કીટ, શ્રેષ્ઠ પશુપાલકના એવોર્ડ, મુખ્યમંત્રી પાક સંગ્રહ સ્ટ્રક્ચર યોજનાના લાભોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## પંચમહાલ જીલ્લામાં આજે ૧૦ કોરોના પોઝીટીવ કેસ નોંધાતા કુલ આંક ૩૭૦૭ થયો

- ૨૭ દર્દી સાજા થતાં રજા અપાઈ.
- એકટીવ કેસ ૧૭૩.
- મૃત્યુ આંક - ૧૩૦.

ગોધરા,
પંચમહાલ જીલ્લામાં કોરોના કહેર યથાવત રહેવા પામ્યો છે. જીલ્લામાં આજરોજ વધુ ૧૦ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યા છે. નવા ૧૦ પોઝીટીવ કેસ સાથે અત્યાર સુધીનો કુલ આંક ૩૭૦૭ થવા પામ્યો છે.

પંચમહાલ જીલ્લામાં કોરોના એ ભરડો લીધો હોય તેવી સ્થિતી નિર્માણ થઈ છે. જીલ્લામાં વધતો જતાં કોરોના પોઝીટીવ આંક ચિંતાનો વિષય બન્યો છે. પંચમહાલ જીલ્લામાં વધુ ૧૦ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યો છે. તેમાં ગોધરા-૦૮, કાલોલ-૦૧, શહેરા-૦૧ કેસ નોંધાવા પામ્યો છે. જીલ્લામાં કોરોના પોઝીટીવ કેસ નોંધાઈ રહ્યા છે. તેવા વિસ્તારોમાં આરોગ્ય વિભાગ દ્વારા સેમ્પલ લેવાની તેમજ સર્વેની કામગીરીમાં ગતિ લાવવામાં આવી છે. પંચમહાલ જીલ્લામાં વધતા કોરોના પોઝીટીવ કેસને લઈ જીલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય તંત્ર સર્તક બન્યું છે. પોઝીટીવ કેસ નોંધાયા તેવા વિસ્તારોમાં હોમ કોરોન્ટાઈન તેમજ માઈક્રો કન્ટેનમેન્ટ કરવામાં આવ્યા છે.

### ગુજરાત હાઈકોર્ટનો સવાલ

## પોતાની જ બેદરકારીના કારણે કોરોનાનો શિકાર બનેલ પીડિતને વળતર શું કામ આપવું જોઈએ?



અમદાવાદ,
કોરોના મહામારી શરુ થઈ ત્યારથી સરકાર અને પોલીસ લોકોને સતત માસ્ક પહેરવા અને કોવિડ-૧૯ના નિયમોનું પાલન કરવાનું કહી રહી છે. તેમ છતાં રોજ કેટલાય લોકો માસ્ક પહેયર્ વિગર ઝડપાય છે. ત્યારે ગુજરાત હાઈકોર્ટે સવાલ કર્યો હતો કે, પોતાની જ બેદરકારીના કારણે કોરોના વાયરસના સંક્રમણનો શિકાર બનનાર પીડિતને વળતર શું કામ આપવું જોઈએ? ચીફ જસ્ટિસ વિક્રમ નાથ અને જસ્ટિસ જે.બી. પારડીવાલાની ખંડપીઠે ડિઝાસ્ટર મેનેજમેન્ટ એકટની જોગવાઈઓ હેઠળ તમામ કોવિડ-૧૯ પીડિતોને વળતરની માગ કરતી જાહેરહિતની અરજીને જવાબ આપતાં આ સવાલ ઉઠાવ્યો હતો. અરજદારના વકીલે હાઈકોર્ટમાં કહ્યું કે, મહામારીની અસરને ઓછી કરવાનું કામ સરકારનું છે, તો ન્યાયાધીશોએ સવાલ કર્યો કે, પોતાની જ બેદરકારી અને માસ્ક ન પહેરવાના કારણે વ્યક્તિ કોવિડ-૧૯થી સંક્રમિત થાય તો શું? તેને વળતર કેમ આપવું જોઈએ? જો સત્તાધીશોની કોઈ બેદરકારી અથવા ફરજમાં વિલંબ થવાનો કેસ હોય તો સમજી શકાઈ કે, ભોગ બનનારને વળતર આપવું જોઈએ.

હાઈકોર્ટે પીઆઈલેની સુનાવણી નિયમિત કોર્ટના કામને ફરીથી શરુ કર્યા બાદ તેમ કહીને સ્થગિત કરી દીધી હતી કે, આ મુદ્દાને નક્કી કરવામાં કોઈ ઉતાવળ નથી. રાજ્ય સરકારે ગુજરાત હાઈકોર્ટને જણાવ્યું છે કે, રાજયમાં કોરોનાની સ્થિતિમાં સુધારો થઈ રહ્યો છે અને ૨૨મી ડિસેમ્બરે કોવિડ હોસ્પિટલોમાંથી માત્ર ૧૧ ટકા કોવિડ બેડ ઓક્યુપાઈડ હતા. રાજ્ય સરકારે પોતાના રિપોર્ટમાં જણાવ્યું છે કે, હાલમાં રાજયભરમાં લગભગ ૫૫,૦૦૦ બેડવાળી ૭૩૯ કોવિડ સુવિધાઓ ઉપલબ્ધ છે. ૩,૪૩૩ વેન્ટિલેટર્સ અને ૫,૦૭૦ આઈસીયુ બેડ ઉપલબ્ધ છે.

માત્ર ૧૧ ટકા બેડ જ ઓક્યુપાઈડ છે. ડાંગ જિલ્લામાં સૌથી ઓછા ૦.૯૩ ટકા કોવિડ બેડ ઓક્યુપાઈડ છે, જે બાદ તાપી અને બનાસકાંઠા છે. હેલ્થ સેક્રેટરી જયંતી રવિએ જણાવ્યું હતું કે, સરકાર વાયરસના ફેલાવાને રોકવા માટે કટિબદ્ધ અને તૈયાર છે. પરંતુ ભારત સહિત દુનિયાભરમાં કોરોના પોઝિટિવ દર્દીઓની સંખ્યામાં વધારો જોવા મળી રહ્યો છે. તેમણે 'પ્રતિકૂળ પયર્વિરણની સ્થિતિ અને માનવ સંપર્કમાં વૃદ્ધિ'ને સંક્રમણમાં વધારા માટે જવાબદાર ગણાવી હતી.

## હીત રક્ષક સમિતિએ પ્રાથમિક શિક્ષક સંઘ સામે કર્યો આક્ષેપ

અમદાવાદ,
એચટીએટી આચાર્યોની બોપલ ખાતે બેઠક મળી હતી. આ બેઠકમાં ગુજરાત રાજય પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા એચટીએટી આચાર્યોના આંદોલનને તોડવાનો પ્રયાસ કરાયાનો આરોપ લાગ્યો છે. ઉલ્લેખનીય છે કે એચટીએટી હીત રક્ષક સમિતિએ પ્રાથમિક શિક્ષક સંઘ સામે આક્ષેપ કર્યો. સરકારના ઈશારે પ્રાથમિક શિક્ષક સંઘ એચટીએટી આચાર્યોનું આંદોલન તોડવાનો પ્રયાસ કરી રહ્યું છે. સરકારના ઈશારે પ્રાથમિક શિક્ષક સંઘ એચટીએટી આચાર્યોનું આંદોલન તોડવાનો પ્રયાસ કરી રહ્યું છે.

એચટીએટી આચાર્યોમાં બે ફાંટા પાડવા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ દિગ્વિજયસિંહ જાડેજાએ પ્રયાસ કર્યો.સરકારના ઈશારે ચાલતું ગુજરાત રાજય પ્રાથમિક શિક્ષક સંઘ અમારા આંદોલનને તોડી રહ્યું છે.પ્રાથમિક શિક્ષક સંઘે ગાંધીનગરમાં યોજાયેલી બેઠકમાં એચટીએટીના પ્રશ્નોના નિકલના બદલે એમની પોતાની ફોર્મ્યુલા મૂકી છે.

## ડિજિટલ સેવાસેતુનો મોટાપાયે લાભ લેવા આગ્રહ કરતા જિલ્લા કલેક્ટર

ગોધરા,
જિલ્લા કલેક્ટર અમિત અરોરાએ જિલ્લાવાસીઓને અને ખાસ કરીને ગ્રામીણ વિસ્તારના લોકોને ડિજિટલ સેવા સેતુનો મોટા પાયે લાભ લેવા અપીલ કરી હતી. જિલ્લા કલેકટરએ જણાવ્યું હતું કે કોરોના સંક્રમણ દરમિયાન પણ સેવાસેતુનો લાભ મળતો રહે તે માટે સરકારએ ડિજિટલ સેવાસેતુનો પ્રારંભ કર્યો છે અને જિલ્લાના ૧૫૬ ગામોમાં ડિજિટલ સેવાસેતુ કરવામાં આવી રહ્યા છે. આ નવીન અને પ્રશંસનીય પહેલના પગલે અત્યારસુધી જિલ્લાના ૧૦,૦૦૦થી વધુ લોકોએ ડિજિટલ સેવાસેતુનો લાભ લઈ ચુક્યા છે. હાલમાં કુલ ૩૬ સેવાઓને આ અંતર્ગત આવરી લેવાઈ છે. તેમણે જણાવ્યું હતું કે વિધવા પ્રમાણપત્ર, આવક અને ઉંમરનો દાખલો મેળવવા માટે ડિજિટલ સેવાસેતુની સેવાનો ઉપયોગ થઈ રહ્યો છે. તેમણે અન્ય સેવાઓ માટે પણ ડિજિટલ સેવાસેતુનો ઉપયોગ કરવા જિલ્લાવાસીઓને આગ્રહ કર્યો હતો.

## ઘોઘંબાના રવેરી ગામે પોલીસે રેડ કરી ૨૬ હજારનો ઈંગ્લીશ દારૂનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો

ઘોઘંબા,
ઘોઘંબા તાલુકાના રવેરી ગામે રહેતા ઈસમ પોતાના ઘરમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો રાખીને ધંધો કરતા હોય તેવી બાતમીના આધારે એલ.સી.બી. પોલીસે રેડ કરી હતી. રેડ દરમ્યાન ૨૬,૫૧૦/-રૂપીયાનો ઈંગ્લીશ દારૂનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ઘોઘંબા તાલુકાના રેવરી ગામે રહેતા વિક્રમ રાઠવા પોતાના ઘરમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો રાખીને ધંધો કરતા હોય તેવી બાતમીના આધારે એલ.સી.બી. પોલીસે રેડ કરી હતી. રેડ દરમ્યાન ઈંગ્લીશ દારૂની બોટલ નંગ-૫૭ તેમજ બીયર ટીન મળી ૨૬,૫૧૦/- રૂપીયાનો મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો. આ બાબતે રાજગઢ પોલીસ મથકે પ્રોહિબીશન એકટ હેઠળ ફરિયાદ નોંધાવા પામી છે.



તસ્વીર : હિમાંશુ પંડ્યા, નદીસર

આજ રોજ કવિવર, ભારત રત્ન, ભૂતપૂર્વ વડાપ્રધાન માન. અટલબિહારી વાજપેયીની નદીસર ગ્રામ પંચાયતમાં પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી. જેમાં અગ્રણી ગ્રામજનો સજ્જનસિંહ, વિજય માછી, રક્ષિત માળી, એસ.કે. રાઠોડ, કિરીટ લાકોડ, જમીન દરજી, જોરાવરસિંહ વિગેરે એ હાજર રહી શ્રદ્ધાંજલી અર્પિત કરી હતી.

## ગોધરા અભ્યમની ટીમ દ્વારા મહારાષ્ટ્રના થાણેના મહિલાને પોતાના ઘરે પહોંચાડવામાં મદદ કરવામાં આવી હતી

ગોધરા,
મહારાષ્ટ્રના થાણેના એક મહિલાને એક પરિણીત પુરૂષ સાથે મિત્રતા થઈ હતી. થોડા સમય બાદ બંનેની મિત્રતા ગાઢ બનતા તેઓએ એકબીજા સાથે જીવન ગાળવાનું નક્કી કર્યું હતું અને પરિણીત પુરૂષ મહિલાને પોતાના ઘર અલ્હાબાદ લઈ ગયો હતો. જ્યાં પરિણીત વ્યક્તિને પત્ની અને બે સંતાનો હોવ છતાં થાણેના મહિલાને બીજી પત્ની છે. તેમ કહીને ૪-૫ દિવસ રાખ્યા હતા પરંતુ તે વ્યક્તિની પત્ની જેમ માનતા સાસુ સસરાને ફરિયાદ કરી હતી. જેને લઈને પરિણીત પુરૂષ અને મહિલા રોજગારની શોધમાં ગોધરા પહોંચ્યા હતા અને ગોધરા નજીક આવેલ સ્ટીલ કંપનીના રૂમમાં રહેવા લાગ્યા હતા પરંતુ મહિલાને આ જગ્યા સુરક્ષિત ન લાગતાં તેઓએ પોતે થાણે જઈ કમાવવાની જીદ કરી હતી, પરંતુ તે પરિણીત વ્યક્તિ માન્યો ન હતો અને મહિલાને રૂમમાં બંધક બનાવી હતી. બાદમાં મહિલા દ્વારા ૧૮૧ અભ્યમ ટીમને જાણ કરવામાં આવતા અભ્યામ ટીમ દ્વારા મહિલાને છોડાવવામાં આવ્યા હતા અને થાણે પરત મોકલવામાં આવ્યા હતા.

## ગોધરામાં રવિવારે સંત નિરંકારી મંડળ દ્વારા રક્તદાન શિબીરનું આયોજન

ગોધરા,
ગોધરામાં ભુરાવાવ વિસ્તારમાં આવેલ સંત નિરંકારી સતસંગ ભવન ખાતે સદ્દગુરૂ માતા સુદિક્ષા સવિંદર હરદેવજીની આજ્ઞાથી રકત અંગે મિશનનો મુખ્ય દયેય એજ છે કે " રકત નાલીઓમે નહી. શરીરકી નાળીઓમે બહેના ચાહીએ" ના ઉદ્દેશથી તા.૨૭ ડીસેને રવિવારના રોજ રક્તદાન શિબીરનું આયોજન કોરોનાની ગાઈડ લાઈન સાથે સવારના ૯ થી ૧ કલાક દરમ્યાન રાખવામાં આવ્યુ છે. મિશન દ્વારા દર વર્ષે દેશભરમાં યોજાતી રક્તદાન શીબીરમાં મોટી સંખ્યામાં અનુયાયો સહીત અન્ય લોકો પણ રક્તદાન શિબીરમાં જોડાય છે. અને મિશન દ્વારા દેશમાં જરૂરીયાત લોકો માટે મોટી માત્રામાં રકત એકત્ર કરવામાં આવે છે.